TATA SHAKTEE GC SHEET
JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
iSC Indian Steel Corporation Ltd.
durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK
Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
• TATA Durashine કલરકોટેડ પતરા
• TATA ગેલ્વેનાઈઝના પતરા
• JSW|મોરછાપ|Colouron+ પતરા
• JINDAL|સબરંગ તથા અન્ય બ્રાન્ડ
• ASIAN|APOLLO|NEZONE-MS|GI-PIPES
• સીમેન્ટ|પ્લાસ્ટીકના નાળવાળા|પ્લેન પતરા|સ્ક્રુ
• પોલીકાર્બોનિટ|PVC શીટ|રૂફીંગ એસેસરીઝ
durashine TATA BLUESCOPE STEEL
JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાળા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૪ * * * સંવત ૨૦૮૨ આસો સુદ ત્રીજ મંગળવાર ૧૩ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૯૯

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# જંતર-મંતર પર વિરોધ પ્રદર્શનનો યુગ પૂરો

**દિલ્હીમાં** જંતર-મંતરને ધરણા સ્થળ તરીકે અમાન્ય જાહેર કરાયું

**વિરોધ** પ્રદર્શનો અને ધરણા માટે ત્રણ નવા માન્ય સ્થળો જાહેર કરાયા - રામલીલા મેદાન, બુરાડી ગ્રાઉન્ડ અને સીબીડી ગ્રાઉન્ડ

**નવી દિલ્હી, તા. 12 (PTI):** દિલ્હી પોલીસે જંતર-મંતરને વિરોધ પ્રદર્શનો માટેના નિયુક્ત સ્થળ તરીકે રદ જાહેર કર્યું છે અને આવા દેખાવો કરવા માટે ત્રણ નવા સ્થળો જાહેર કર્યા છે. તાજેતરના મહિનાઓમાં થયેલા આંદોલનોને કારણે સરકારના પ્રશાસકીય કેન્દ્ર એવા નવી દિલ્હી જિલ્લામાં વહીવટી તંત્ર અસ્તવ્યસ્ત થઈ ગયા બાદ આ ઘટનાવિકાસ સામે આવ્યો છે.

દિલ્હીના પોલીસ કમિશનર અનુરાગ કુમારે ૧૧ ઓક્ટોબરે આ સ્ટેન્ડિંગ ઓર્ડર જારી કર્યો હતો, જેમાં રામલીલા મેદાન, બુરાડી ગ્રાઉન્ડ અને સીબીડી ગ્રાઉન્ડને પ્રદર્શનો માટેના નવા નિયુક્ત સ્થળો તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

**નવા નિયુક્ત ૩ સ્થળો કયા છે?**

દિલ્હી પોલીસ કમિશનર અનુરાગ કુમારે ૧૧ ઓક્ટોબરે આ અંગેનો સ્ટેન્ડિંગ ઓર્ડર જારી કર્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા રચવામાં આવેલી સમિતિની ભલામણોના આધારે આ નિર્ણય લેવાયો છે. નવા નિયુક્ત સ્થળો નીચે મુજબ છે:

૧. રામલીલા મેદાન (Central District): વર્તમાન જંતર-મંતરથી આશરે ૪ કિલોમીટર દૂર આવેલું છે.

૨. સીબીડી ગ્રાઉન્ડ (East District): આ સ્થળ પૂર્વ દિલ્હીમાં ૧૨થી ૧૩ કિલોમીટર દૂર આવેલું છે.

૩. બુરારી ગ્રાઉન્ડ (North District): આ સ્થળ ઉત્તર દિલ્હીમાં લગભગ ૨૧ કિલોમીટર દૂર આવેલું છે.

**જંતર-મંતર કેમ હટાવવામાં આવ્યું?**

**વહીવટી કેન્દ્રની સુરક્ષા અને વ્યવસ્થા:** નવી દિલ્હી જિલ્લો દેશનું મુખ્ય વહીવટી કેન્દ્ર છે. અહીં સંસદ ભવન, રાષ્ટ્રપતિ ભવન, વડા પ્રધાન, મંત્રીઓ અને અન્ય અગ્રણી હસ્તીઓના નિવાસ્થાનો તેમજ અનેક મહત્ત્વની સરકારી અને ખાનગી કચેરીઓ આવેલી છે. આ સંવેદનશીલ વિસ્તારમાં મોટા પાયે થતા પ્રદર્શનોને કારણે પોલીસ અને સુરક્ષા એજન્સીઓ માટે ભારે પડકારો ઊભા થતા હતા.

...અનુસંધાન પાના 15 પર

## વિપક્ષી નેતાઓની સુપ્રીમ કોર્ટ સુધી માર્ચ

**‘વોટ ચોરી’** અને મતદાર યાદી સુધારણા સામે શક્તિપ્રદર્શન

**સીજેઆઇએ** મુલાકાતનો ઇનકાર કર્યા બાદ વિપક્ષી નેતાઓએ મતદાર યાદી સુધારણા અને ચૂંટણી પંચ સામે સંયુક્ત અરજી કરી



**નવી દિલ્હી, તા. 12 (PTI):** ‘વોટ ચોરી’ના આરોપો અને રસ્તા પરના વિરોધ પ્રદર્શનો બાદ વિરોધ પક્ષના નેતાઓએ સોમવારે સુપ્રીમ કોર્ટ સુધી ‘માર્ચ ફોર ડેમોક્રેસી’ યોજીને ચૂંટણી ગેરરીતિઓ સામે સંયુક્ત અરજી દાખલ કરી હતી.

લોકસભા અને રાજ્યસભાના વિરોધ પક્ષના નેતાઓ રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે, સપાના અધ્યક્ષ અખિલેશ યાદવ, ટીએમસી સુપ્રીમો મમતા બેનર્જી, તેજસ્વી યાદવ અને સુપ્રિયા સુલે સહિતના નેતાઓ આ માર્ચમાં જોડાયા હતા.

ચીફ જસ્ટિસે આ મામલો સુનાવણી હેઠળ હોવાનું કહી વિપક્ષી નેતાઓને મળવાનો ઈનકાર કર્યાના એક દિવસ બાદ, સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) અને મતદારોના નામ કમી કરવા સામે વિપક્ષે સર્વોચ્ચ અદાલતમાં અરજી કરી હતી. વિપક્ષી નેતાઓએ અગાઉ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામા અને બેલેટ પેપર સિસ્ટમ પુન: શરૂ કરવાની માગ કરી હતી.

પોલીસે ભગવાન દાસ રોડ પર માર્ચ રોકતાં રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા અને અન્ય નેતાઓ વાહન પર ચડી ગયા હતા અને બેરિકેડ્સ ઓળંગી આગળ વધ્યા હતા. જોશભર્યા માહોલમાં નેતાઓએ સરકાર અને મુખ્ય ચૂંટણી કમિશનર સામે સૂત્રોચ્ચાર કર્યા હતા. ડી કે શિવકુમાર, સુખવિંદર સિંહ સુખુ અને રેવંત રેડ્ડી જેવા મુખ્યમંત્રીઓ પણ વિરોધમાં જોડાયા હતા.

અગાઉ એક પત્રકાર પરિષદમાં રાહુલ ગાંધીએ મુખ્ય ચૂંટણી કમિશનરને રાજીનામું આપવા અને ‘સરકારી સાક્ષી’ બની જવાની અપીલ કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે સરકારના 200 અધિકારીઓ તેમના સંપર્કમાં છે. વિરોધ પક્ષો છેલ્લા મંગળવારથી જ્ઞાનેશ કુમારને હટાવવાની માંગ સાથે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.

## દિલ્હી ડાયરી

### દિલ્હીમાં વિરોધ પ્રદર્શન દરમિયાન ચાર ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓની અટકાયત

વિવિધ ડાબેરી યુવા સંગઠનો અને નાગરિક મંચોના સમર્થનથી જેન ઝીની આગેવાની હેઠળ યોજાયેલા યુવા વિરોધ પ્રદર્શન દરમિયાન દિલ્હીમાં એક અનોખી સ્થિતિ સર્જાઈ હતી. વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા માટે ચાર ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓ દિલ્હી પહોંચ્યા હતા, પરંતુ તેઓની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. દિલ્હીથી લઈને દક્ષિણ અને દેશના પૂર્વ ભાગ સુધીના આ ચારેય નેતાઓ માટે એક જ મંજિલ હતી. કથિત વોટ ચોરી અને મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમારને નિશાને બનાવીને કરાતા સરકાર વિરોધી વિરોધ પ્રદર્શન પરની કાર્યવાહીના ભાગરૂપે દિલ્હી પોલીસે ચાર ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓ - પશ્ચિમ બંગાળના મમતા બેનર્જી, કેરળના પિનારાયી વિજયન, દિલ્હીના અરવિંદ કેજરીવાલ અને ત્રિપુરાના માણિક સરકારની અટકાયત કરી હતી. બેનર્જીને સંસદ ભવન નજીક સાઉથ એવન્યુ પરથી તેમની પાર્ટીના રાજ્યસભા નેતા ડેરેક ઓ’બ્રાયન, સાંસદ ડોલા સેન, પ્રતિમા મંડલ, સમીરુલ ઈસ્લામ અને ભૂતપૂર્વ સાંસદ સાકેત ગોખલે સાથે પકડવામાં આવ્યા હતા. બસ સ્ટેન્ડ પર પ્લેકાર્ડ લઈને ધરણા પર બેઠેલા આ તમામની અટકાયત કરીને તેમને પશ્ચિમ દિલ્હીના દ્વારકા

...અનુસંધાન પાના 15 પર

## હવે સમગ્ર દેશ જંતર-મંતર બની જશે: દીપ્કેની ચિમકી

**કાયર** સરમુખત્યારે જંતર-મંતરને વૉર ઝોનમાં ફેરવી દીધો છે

**દિલ્હી** પોલીસે પોતાને અને પરિવારજનોને માનસિક ત્રાસ આપ્યો હોવાનો આક્ષેપ

**મને કહ્યું** કે માતા-પિતાને કહો કે મારી ધરપકડ થઇ છે અને લાંબો સમય જેલમાં રહીશ!

**છત્રપતિ સંભાજીનગર, તા. 12 (PTI):** કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજીત દીપ્કેએ સોમવારે એવો આક્ષેપ કર્યો હતો કે દિલ્હી પોલીસે તેમની અને તેમના પરિવાર પર માનસિક ત્રાસ ગુજાર્યો છે. તેમણે ઉમેર્યું હતું કે જંતર-મંતર ખાતે પક્ષના આંદોલન પહેલાં ૧૦ ઓક્ટોબરે તેમની અટકાયત દરમિયાન તેમના પરિવારજનો અને વકીલને તેમના સ્થાન અંગે કોઈ જાણ નહોતી. જંતર મંતર ધરણા સ્થળ તરીકે રદ જાહેર કરાયા બાદ દીપ્કેએ ચેતવણી આપી છે કે હવે આખો દેશ જંતર-મંતર બની જશે.

જંતર-મંતરને ધરણા સ્થળ તરીકે ડીનોટિફાય કરવાના સરકારના નિર્ણય અંગે તેમના મહારાષ્ટ્રના વતનના ગામમાં દીપ્કેને પત્રકારોએ પ્રશ્ન પૂછતા દીપ્કેએ કહ્યું હતું કે હવે પૂરો દેશ જંતર-મંતર બની જશે. તેમણે જંતર-મંતરને ધરણા સ્થળ તરીકે રદ જાહેર કર્યું છે. આમ પણ જંતર-મંતર ધરણા સ્થળ રહ્યું ન હતું, કાયર સરમુખત્યારે તેને વૉર ઝોનમાં ફેરવી દીધું હતું. અબ પુરા દેશ જંતર-મંતર બનેગા એમ તેમણે કહ્યું હતું. બે દિવસ પહેલાં પોતાની દાદીના અવસાન બાદ હિંગોળીના સંતુક પિંપરીમાં રહેલા દીપ્કેએ પત્રકારોને જણાવ્યું હતું કે જ્યારે તેમની ફ્લાઈટ દિલ્હીમાં લેન્ડ થઈ ત્યારે તેમની વિમાનમાંથી જ અટકાયત કરવામાં આવી હતી અને પોલીસે તેમના માતા-પિતા કે વકીલોને તેમના ઠેકાણા વિશે જાણ કરી નહોતી. દીપ્કેએ કહ્યું કે તેમને તેમના પિતરાઈ ભાઈનો નંબર મેળવવાની પણ મંજૂરી આપવામાં આવી નહોતી, જેઓ તેમની સ્વર્ગસ્થ દાદી સાથે રહેતા હતા.

પોલીસે દાવો કર્યો છે કે મૃત્યુના

...અનુસંધાન પાના 15 પર

### દિલ્હી પોલીસ એડિટ કરેલો વીડિયો ચલાવી રહી છે: દીપ્કેનો આક્ષેપ

તેમણે કહ્યું, ‘ ’દિલ્હી પોલીસ એક એડિટ કરેલો વીડિયો ચલાવી રહી છે. જો તેમનામાં હિંમત હોય તો તેમણે આખો વીડિયો બતાવવો જોઈએ જ્યાં તેમણે મારા મૂળભૂત અધિકારોનો અસ્વીકાર કર્યો હતો. ધરપકડ કરાયેલ કોઈપણ વ્યક્તિને તેના વકીલ સાથે વાત કરવાનો કાનૂની અધિકાર છે પરંતુ દિલ્હી પોલીસે તેની મંજૂરી આપી નહોતી. પોલીસે પૂરો વીડિયો જાહેર કરવો જોઈએ.’’ તેમણે એમ પણ કહ્યું કે પોલીસે તેમને ‘ ’આંદોલન દ્વારા શાંતિ ભંગ ન કરવા’’ અંગેના કેટલાક કાગળો પર સહી કરવા કહ્યું હતું, પરંતુ તેમણે એવું કહીને ઇનકાર કર્યો હતો કે તેઓ ભણેલા-ગણેલા વ્યક્તિ છે અને જ્યાં સુધી તેમના વકીલ આસપાસ ન હોય ત્યાં સુધી તેઓ સહી કરશે નહીં. CJPના સ્થાપકે કહ્યું હતું કે એક પોલીસ અધિકારી મને પાણીની બોટલ આપી રહ્યો છે તે વીડિયોમાં બતાવાયું છે પર દાદીના અવસાનના સમાચાર સાંભળીને રડી રહ્યો છું તે ભાગ કાપી નાખવામાં આવ્યો છે.

## ચીફ જસ્ટિસે રાહુલ-ખડગેને મળવાની ના પાડી

**નેતાઓ** સાથે જજની બેઠક નૈતિકતા અને ન્યાયના સિદ્ધાંતોની વિરુદ્ધ: ચીફ જસ્ટિસ

**કોંગ્રેસ** નેતાઓ રાહુલ, ખડગેએ ચીફ જસ્ટિસ સાથે ચૂંટણી પંચની કામગીરી, વિદ્યાર્થીઓની ધરપકડ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવા ચીફ જસ્ટિસ સાથે બેઠક યોજવાની માગણી કરી હતી



**નવી દિલ્હી, તા. 12 (PTI):** સુપ્રીમ કોર્ટ સમક્ષ વિચારણા હેઠળ હોય તેવા મુદ્દાઓ પર બેઠક બોલાવવી તે સત્તાના વિભાજનના સિદ્ધાંતથી વિપરીત છે અને તે ‘સ્થાપિત નૈતિક સિધ્ધાંતો અને ન્યાયિક યોગ્યતા સાથે અસંગત’ છે, તેમ ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્ય કાંતે વિપક્ષી નેતાઓ રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેને લખેલા પત્રમાં જણાવ્યું છે.

મુખ્ય ન્યાયાધીશે આ વાત એવા પત્રમાં કહી છે જેમાં તેમણે ખડગે અને ગાંધી દ્વારા બેઠક યોજવાની વિનંતીને ફગાવી દીધી હતી. વિપક્ષી નેતાઓએ મુખ્ય ચૂંટણી કમિશનર, ભારતીય ચૂંટણી પંચ, અનેક વિદ્યાર્થીઓની કથિત મનસ્વી ધરપકડ, મેટ્રો સ્ટેશનો બંધ કરવા અને ટ્રેનો રદ કરવા સંબંધિત મુદ્દાઓ પર આવેદનપત્ર સોંપવા માટે મુલાકાત માગી હતી. ગાંધી અને ખડગેને લખેલા પત્રમાં CJIએ સોમવારે આ બેઠક યોજવાનો ઈનકાર કર્યો હતો અને તેમને જણાવ્યું હતું કે પેન્ડિંગ કેસો પર ચર્ચા કરવી અનુચિત રહેશે અને તેમને કોર્ટમાં શારીરિક રીતે અથવા ઓનલાઈન અરજી દાખલ કરવા વિનંતી કરી હતી. ‘સૌપ્રથમ તો એ નોંધવું જોઈએ કે ઉપર જણાવેલા મુદ્દાઓ પહેલેથી જ ભારતની સુપ્રીમ કોર્ટ સમક્ષ વિચારણા હેઠળ (સબ-જ્યુડિસ) છે,’ તેમ તેમણે જણાવ્યું હતું. ‘તેથી,

...અનુસંધાન પાના 15 પર

## કેન્સરની જેમ અન્ય દવાઓના માર્જિનનું શું?: સુપ્રીમ કોર્ટ

**સરકારે** 30% માર્જિન કેપિંગથી દર્દીઓને ૨,૫૦૦ કરોડની બચતનો દાવો કર્યો, પણ કોર્ટે કહ્યું- ‘આમાં ખુશ થવા જેવું કંઈ જ નથી!’



**નવી દિલ્હી, 12 (PTI):** સુપ્રીમ કોર્ટે સોમવારે જણાવ્યું હતું કે કેન્સર વિરોધી દવાઓ પર મહત્તમ છૂટક કિંમત(MRP)ના ૩૦ ટકા ટ્રેડ માર્જિન નક્કી કરવા અંગે કેન્દ્ર સરકારનો જવાબ “ખુશ થવા જેવો જરાય નથી” અને સવાલ ઉઠાવ્યો હતો કે સરકાર અન્ય દવાઓ માટે ટ્રેડ માર્જિન કેમ સીમિત કરી શકતી નથી.

હોસ્પિટલો દ્વારા કેન્સરની દવાઓ પર ભારે નફો વસૂલવા બદલ અગાઉ પણ સર્વોચ્ચ અદાલત દ્વારા તીખી ટીકાનો સામનો કરી ચૂકેલી કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે, કેન્સર વિરોધી દવાઓ પર MRPના ૩૦ ટકા સુધી ટ્રેડ માર્જિન સીમિત કરવાનો મહત્ત્વનો નિર્ણય લેવાયો છે, જેનાથી દર્દીઓને વાર્ષિક આશરે ૨,૫૦૦ કરોડની બચત થવાની ધારણા છે.

જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની ખંડપીઠે જણાવ્યું હતું કે કેન્દ્રનો જવાબ અપૂરતો હતો અને ધ્યાન દોર્યું હતું કે એક સિંગલ સેલાઈન બોટલ જેની વાસ્તવિક પડતર કિંમત ૧૧ છે, તે બજારમાં ૨૭૦ માં વેચાઈ રહી છે. જ્યારે કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતા અને એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ અમલમાં રહેલી વ્યવસ્થા સમજાવવાનો પ્રયાસ કર્યો ત્યારે ખંડપીઠે અવલોકન કર્યું કે, “આમાં ખુશ થવા જેવું કંઈ જ નથી. વાસ્તવમાં આનાથી દર્દીઓને કોઈ ફાયદો થતો નથી.” જસ્ટિસ નાથે સોલિસિટર જનરલને કહ્યું કે કોર્ટ એ સમજી શકતી નથી કે જો સરકાર કેન્સર વિરોધી દવાઓના ભાવ નિયંત્રિત કરી શકતી હોય, તો તે તમામ દવાઓને આ વ્યવસ્થા હેઠળ કેમ લાવી શકતી નથી.

## સરકારના 200 અધિકારીઓ વિપક્ષના સંપર્કમાં, રાહુલ ગાંધીનો દાવો

**મુખ્ય** ચૂંટણી કમિશનર રાજીનામું આપી સરકારી સાક્ષી બને, ‘વોટ ચોરી’ સામે વિરોધ આંદોલન ચાલુ રહેશે

**યુવાઓના** નેતૃત્વમાં ચાલી રહેલું પ્રદર્શન અને ઈન્ડિયા બ્લોકનું વોટ ચોરી મુદ્દનું પ્રદર્શન એક જ વ્યાપક ઝુંબેશનો ભાગ



**નવી દિલ્હી, તા. 12:** લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ સોમવારે દિલ્હી સ્થિત કોંગ્રેસ મુખ્યાલય ‘ઈન્દિરા ભવન’ ખાતે એક પત્રકાર પરિષદને સંબોધતા કેન્દ્ર સરકાર અને મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમાર સામે ગંભીર આરોપો લગાવ્યા હતા.

રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે ઈડી, સીબીઆઇ અને વિદેશ મંત્રાલય સહિત વડાપ્રધાન મોદીની સરકાર હેઠળના આશરે 200 અધિકારીઓ વિપક્ષના સંપર્કમાં છે અને આંતરિક માહિતી આપી રહ્યા છે. જોકે તેમણે આ અધિકારીઓની ઓળખ જાહેર કરી ન હતી. તેમણે કહ્યું ‘મોદી જી તમારા સરકારના 200 અધિકારીઓ અમારી સાથે સંપર્કમાં છે અને માહિતી આપી રહ્યા છે.’

તેમણે યુવા આંદોલનકારીઓને સમર્થન આપતા સ્પષ્ટ કર્યું કે ‘વોટ ચોરી’ સામે થઈ રહેલો વિરોધ એકજૂથ છે. કોઈ સમાંતર પ્રદર્શનો નથી ચાલી રહ્યા. જોકે તેમણે સીજેપીનું નામ ન લીધું હતું પણ તેમનું નિવેદન સંકેત છે કે યુવાઓના નેતૃત્વમાં ચાલી રહેલું પ્રદર્શન અને ઈન્ડિયા બ્લોકનું વોટ ચોરી મુદ્દેનું પ્રદર્શન એક જ વ્યાપક ઝુંબેશનો ભાગ છે. જ્યાં સુધી બંધારણનું રક્ષણ ન થાય અને સીઈસી ન હટે ત્યાં સુધી દેશનો યુવા વર્ગ અટકશે નહીં.

...અનુસંધાન પાના 15 પર

### તા. ૧૨-૧૦-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
| --- | --- | --- |
| | 0.0 મીમી | ૬૬૨ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- | --- |
| | ૩૬.૬ સે. | ૨૩.૨ સે. | ૩૮% |